
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




પિતાજી... શ્રાવણ ભાદરવામાં તમારું ત્રિશુલ જોઇશો... નવા બાળ ભક્તો લાડુ મોદકની જગ્યાએ મેગી ધરાવે છે...!!

# ગાડીમાં યુવતી સાથે બેસવા બદલ પોલીસે યુવક પાસે ૨૫ હજાર માંગ્યા

## સે. ૧૫ની સરકારી કોલેજના ગ્રાઉન્ડમાં બનેલી ઘટના : સે. ૭ પોલીસ સ્ટેશનની પીસીઆર વાનમાંથી ઉતરેલા કોન્સ્ટેબલે ગાડીના ફોટા પાડીને મીડીયામાં ચગાવી દઈને કેસ કરી દેવાની દમદાટી આપી હતી : પતાવટ માટે છેલ્લે ૧૫ હજાર લીધા : યુવાન પાસે પૈસા ન હતા તો છેક એટીએમ સુધી પોલીસ લઈ ગઈ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર પોલીસને શરમાવે તેવો વધુ એક કિસ્સો શહેરમાં બનવા પામ્યો હતો. ૨૨-૨૫ વર્ષના યુવાન પાસેથી પોલીસે રૂ. ૨૫ હજારની માંગણી કરીને અંતે રૂ. ૧૫ હજારનો તોડ કર્યો હતો. સે. ૧૫ની કોલેજના મેદાનમાં ગાડીમાં યુવતીની સાથે બેસવા બદલ પોલીસની તોડગીરીનો ભોગ યુવાને બનવુ પડ્યુ હતુ. તારા પર કેસ કરી દઈશુ, મીડીયામાં બંનેના ફોટા મોકલી ચગાવીશુ અને વાલીને બોલાવીશુ તેમ કહી દમદાટી આપીને યુવાન પાસેથી પૈસા ખંખેર્યા હતા. તેની પાસે રૂ. ૨ હજાર જ ખિસ્સામાં હતા તો છેક એટીએમ સુધી પોલીસ લઈ ગઈ હતી અને એટીએમમાંથી રૂપિયા ઉપાવડાવી ૧૫ હજાર લઈને યુવાનને છોડ્યો હતો.

મળતી માહિતી મુજબ શહેરનો એક યુવાન પોતાની ફોર વ્હીલ ગાડી લઈને સે. ૧૫ની સરકારી કોલેજના મેદાનમાં બેઠો હતો તેની સાથે એક યુવતી બેઠી હતી. યુવતી તે યુવાનની મિત્ર હતી. તેટલામાં બપોરે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનની પીસીઆર વાન ત્યાં આવી પહોંચી અને એક કોન્સ્ટેબલ સહિત બે પોલીસ ઉતરીને ગાડીના ફોટા પાડવા લાગી હતી. અંદર બેઠેલો યુવાન પોલીસ તેની ગાડીના ફોટો કેમ પાડે છે ? તે સમજી શકે તે પહેલા પોલીસે ગાડીના દરવાજા ખોલીને યુવાનને બહાર કાઢ્યો અને ધમકાવવા લાગી કે અહી શુ કરો છો ? બંનેના વાલીને બોલાવો... જો મેં ફોટો પાડ્યો છે મિડીયામાં ચગાવી દઈશુ.. પીએસઆઈ સાહેબને બોલાવુ છુ.. દમદમાટી આપીને પોલીસે યુવક-યુવતીને ધધડાવી નાંખ્યા હતા. લાંબુ ન કરવુ હોય તો રૂ. ૨૫ હજાર આપ..! તેમ કહી અસલી વાત પોલીસે શરૂ કરી અને પતાવટનો મુદ્દો લાવીને મુકી દીધો. રૂ. ૨૫ હજાર સાંભળીને યુવાનના મોતીયા મરી ગયા. યુવાને કહ્યું કે મારી પાસે તો રૂ. ૨ હજાર જ પડ્યા છે. એ જોઈતા હોય તો આપી દઉં... પોલીસ એકની બે ન થઈ. છેલ્લે રૂ. ૧૫ હજાર નક્કી કર્યા અને પોલીસે કહ્યું કે એટીએમમાંથી હાલ રૂપિયા ઉપાડીને આપ...! ત્યાં સુધી કોઈનો ફોન ઉપાડે નહી કે ફોન કોઈને કરે નહી તે માટે ફોન પણ લઈ લીધો..! સે. ૧૩ મહાત્મા મંદિર સામે સ્થિત એટીએમ સેન્ટર સુધી પોલીસ પણ સાથે ગઈ અને રૂ. ૧૫ હજાર લીધા બાદ યુવાનને મુક્ત કર્યો હતો. જોઈએ હે આ કિસ્સામાં સાહેબો શુ પગલા લે છે ? કેમ કે આ કિસ્સામાં તો પોલીસ કોલેજના, ગ-માર્ગના અને મહાત્મા મંદિર રૂટના ઉપરાંત એટીએમ સેન્ટરના સીસીટીવીમાં પણ પાછળ પાછળ જતી નજરે ચઢશે..!

## ખૂણે ખાંચરેથી...

● રાજયના વિકાસ કમિશનરે આજે નાયબ જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

● ગાંધીનગર શહેરમાં આજથી ચાતુર્માસના આરંભને લઈ મહાદેવના ભક્તોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

● રાજ્ય સરકારે સાત જેટલા અધિક કલેક્ટરોની બદલી અને વધારાના ચાર્જના હુકમો જારી કર્યા છે.

● જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી જયશ્રીબેન દેવાંગને આજે ગતિશીલ ગુજરાતના કાર્યક્રમોની સમીક્ષા કરી હતી.

● સે. ૨૩માં લગ્ન-વાડીવાળા વિસ્તારમાં આખા રોડ પર એક પણ સ્ટ્રીટલાઈટ ચાલુ ન હોવાથી વસાહતીઓમાં રોષની લાગણી જન્મી છે.

● જિલ્લા સ્કાઉટ ગાઈડ સંઘની આજે મહત્વની બેઠક મળી હતી.

● આજે ત્રીજો શનિવાર હોવાથી જિલ્લાનું વહીવટીતંત્ર મિટીંગોમાં વ્યસ્ત રહેશે.

# ચ-૦ થી ઈન્ફાસિટી તરફ જવાના સર્વિસ રોડ પર ભયજનક ગાબડુ

## માર્ગ વચાળે મોટોમસ ખાડો અસ્તિત્વમાં આવતા વાહનચાલકો અકસ્માતનો ભોગ બને છે

ગાંધીનગર તા ૧૫

ચ-૦ થી ઈન્ફોસિટી તરફ જવાના સર્વિસ રોડ પર વચાળે જ ગાબડુ પડતા વાહન ચાલકો માટે મોટુ જોખમ ઉભુ થયુ છે. માર્ગ વચાળે જ મોટોમસ ખાડો અસ્તિત્વમાં આવતા વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહયા છે. વરસાદી દિવસોમાં પાણી ભરાતા વાહનચાલકોને ખ્યાલ આવતો નથી. તંત્રએ ત્વરિત આ ભયજનક ગાબડુ પુરવાની અનિવાર્યતા છે.

શહેરમાં ચોમાસા દરમિયાન રસ્તાઓ પર ઠેર ઠેર ગાબડા અસ્તિત્વમાં આવતા વાહનચાલકો માટે ભયજનક સ્થિતિનુ નિર્માણ થાય છે. વરસાદી ઋતુમાં રસ્તાઓ પર પાણી ભરાતા માર્ગોનુ ધોવાણ થાય છે. જયારે કેટલાક ઠેકાણે માર્ગો પર ગાબડા પણ અસ્તિત્વમાં આવે છે. વરસાદી દિવસોમાં નગરમાં વરસાદી પાણીનો નિકાલ કરવા માટે તંત્ર દ્વારા ટીમ કામે લગાડવામાં આવે છે. ત્યારે માર્ગ વચાળે અસ્તિત્વમાં આવતા ગાબડા પુરવા તેમજ ખોદકામના અંતે માટી પોલાણ થતુ અટકાવવા માટે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવતી નથી.

અગાઉ ઈન્ફોસિટીથી રીલાયન્સ ચોકડી સુધીની સ્ટોર્મ વોટર લાઈનના કામના અંતે વરસાદમાં માટી પોલાણના લીધે ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ હતુ. હાલ ચ-૦ થી ઈન્ફોસિટી માર્ગ પર સ્થિત સર્વિસ રોડ પર માર્ગ વચાળે જ મોટો મસ ખાડો અસ્તિત્વમાં આવ્યો છે. જેના લીધે વાહનચાલકો અકસ્માતનો ભોગ બને છે. ત્વરિત અસરથી ગાબડુ પુરવા માંગ ઉઠવા પામી છે.




સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગાંધીનગરના કાર્યકર પ્રમુખ શ્રીમતિ ભારતીબેન જોષી અને મહામંત્રી આનંદીબેન ઉપાધ્યાયના નેઝા હેઠળ મહિલા પાંખ તરફથી ગૌરીવ્રત નિમિત્તે તા. ૧૫-૭-૧૬ના રોજ સે. ૨ની પ્રા. શાળામાં બાલીકાઓને ગૌરીવ્રત માટે સુકો મેવો, વેફર અને ફળફળાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેમજ શાળાની બાલીકાઓને વિવિધ ગેમ રમાડી ડ્રેસનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મહિલા પાંખના પૂર્વ પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે, પ્રતિભાબેન દવે અને મહિલા પાંખની બહેનો હાજર રહી હતી. અને દિકરીઓને ગૌરીવ્રત ફળે તેવી શુભેચ્છા પાઠવી હતી.

# દક્ષિણ સુદાન હિંસાથી ત્રસ્ત ગુજરાતીઓ ભારત પરત ફર્યા

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતના એનઆરજી અને કાયદા મંત્રી પ્રદિપસિંહ જાડેજાએ દક્ષિણ સુદાનમાં હિંસાથી ત્રસ્ત અને ફસાયેલ ૧૨ ગુજરાતીઓને નવી દિલ્હી ખાતેના પાલમ એરપોર્ટ પર આવકાર્યા હતા. દક્ષિણ સુદાનમાં ફસાયેલા ભારતીયોને પરત લાવવા માટે ભારત સરકારે ઈન્ડિયન એરફોર્સ સી-૧૭ ગ્લોબ માસ્ટર્સ મોકલ્યું હતું, જે વાયા થીરુવન્થપુરમ દિલ્હી પહોચ્યું હતુ. દક્ષિણ સુદાનમાં આશરે ૬૦૦ જેટલા ભારતીય નાગરિકો હતા.

ગુજરાતના મંત્રીએ એરપોર્ટ પર તમામ ગુજરાતીઓને ગુલાબના ફૂલથી આવકાર્યા હતા. વિદેશી બાબતોના કેન્દ્રિય મંત્રી વી.કે. સિંહે આફ્રિકન દેશમાંથી ભારતીયોને લાવવા માટે સરકારના 'ઓપરેશન સંકટ મોચન'ની આગેવાની લીધી હતી. ગુરૂવારે દક્ષિણ સુદાન પહોંચી ગયા હતા અને શુક્રવારે ભારતીય નાગરિકો સાથે પરત ફર્યા હતા. ભૂતકાળમાં પણ ગુજરાત સરકારે વિવિધ દેશોમાં ફસાયેલા ગુજરાતીઓને જરૂરી સહાય પુરી પાડી છે.

## કાયદામંત્રી પ્રદિપસિંહ જાડેજા કેન્દ્રીય કાયદા મંત્રીની મુલાકાતે

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાતના કાયદામંત્રી પ્રદિપસિંહ જાડેજાએ કેન્દ્રીય કાયદામંત્રી રવિશંકર પ્રસાદની નવી દિલ્હી સ્થિત શાસ્ત્રીભવન ખાતે સૌજન્ય મુલાકાત લીધી હતી.

## ચૌધરી સ્કૂલ પાસેથી યુવતીને ઉપાડી જનાર પરિવારજનો જ હતા

ગાંધીનગર, તા. ૧૫

સેક્ટર-૭ ચૌધરી સ્કૂલની સામે રોડ પરથી એક યુવતીને સાંજના અરસામાં ટીંગાટોળી કરીને સ્વીફ્ટ ડીઝાયર ગાડીમાં નાંખી ચાર વ્યક્તિ ઉપાડી ગયા હતા. આ પ્રકરણમાં પોલીસે ગાડીના નંબર આધારે તપાસ શરૂ કરતા મોડી રાત્રે મામલો ઘરેલુ હોવાનું ધ્યાને આવ્યુ હતુ. યુવતીને વળગાળની માનસિક બિમારી હતી અને ત્યાં પહોંચી ગઈ હતી. તેનો ભાઈ અને પતિ મિત્રો સાથે ગાડી લઈને પહોંચી ગયા હતા. તે ગાડીમાં બેસતી ન હોવાથી ટીંગાટોળી કરીને બેસાડી હતી અને અહીંથી ગાડીમાં બેસાડીને અમદાવાદની કોઈ દરગાહે સીધી લઈ જવામાં આવી હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે.

# સાંતેજમાં ચાર માસની માસુમ બાળકી કોલેરામાં સપડાઈ ! સાંતેજમાં કોલેરાના બે કેસ

## જિલ્લામાં પાણીજન્ય રોગચાળાની સ્થિતિ વણસરી રહી છે

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સાંતેજમાંથી કોલેરાના બે પોઝીટીવ કેસ મળી આવ્યા છે. જેમાં ચાર મહિનાની આયુ ધરાવતી એક બાળકીનો પણ સમાવેશ થાય છે.

સાંતેજમાંથી મળી આવેલા આ બન્ને કેસ સોલા હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેમની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે. સાંતેજમાં આ બે કેસ સાથે અત્યાર સુધીમાં ત્રણ કેસ કોલેરા પોઝીટીવના મળ્યા છે અને તંત્ર ચોંકી ઉઠ્યું છે.

મળતી વિગતો પ્રમાણે ૪૬ વર્ષના એક મજૂરને કોલેરા પોઝીટીવ આવ્યો છે. આ મજૂર ચાર મહિના પૂર્વે ઓરિસ્સામાંથી અહિ રોજગારી માટે આવ્યો છે અને સાંતેજની મજૂર કોલોનીમાં વસવાટ કરે છે.

તંત્રની ટીમે આજે આ દર્દીના રહેઠાણ અને આસપાસના વિસ્તારોમાં પણ સર્વેલન્સની કામગીરી કરી હતી જો કે કોઈ શંકાસ્પદ દર્દી મળી આવેલ નથી. આ મજૂર જે વિસ્તારમાં રહે છે ત્યાં ગંદકીના થર જોઈ તંત્ર પણ ચોંકી ઉઠ્યુ હતુ. સ્વચ્છતાનો અભાવ અને આરોગ્ય વિષયક સેવાઓનો અભાવ જણાતાં મજૂર કોલોનીના સંચાલકને આરોગ્ય તંત્રએ નોટીસ આપી હોવાનું જાણવા મળેલ છે.

તંત્રના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે ૪ દિવસ પહેલાં જ બિહારથી આવેલ એક શ્રમિક મહિલાની ચાર માસની દિકરીને પણ કોલેરા પોઝીટીવ આવ્યો છે. આ દિકરીને કોલેરા પોઝીટીવ આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે. આ ફૂલ જેવી દિકરીની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળેલ છે. આજે સાંતેજની જિલ્લાના રોગચાળા નિયંત્રણ અધિકારીએ પણ મુલાકાત લીધી છે.

જિલ્લામાં આ વર્ષે કોલેરાના કેસો વધુ સંખ્યામાં મળી આવ્યા છે. આ ઉપરાંત પાણીજન્ય રોગો કમળો અને ટાઈફોઈડના કેસ પણ મોટી સંખ્યામાં મળી રહ્યા છે ત્યારે તંત્ર સબ સલામતની આહલેક જગાવી રહ્યુ છે તેને લઈ લોકોમાં રોષની લાગણી જન્મી છે. જિલ્લામાં કોલેરાના કેસોની સંખ્યા ૨૦ને પાર કરી ગઈ છે.

# શિક્ષણમંત્રી સામેના આક્ષેપોને ચારણ ગઢવી સમાજે વખોડી કાઢ્યા

## તલાટી ભરતી કૌભાંડના મુખ્ય સૂત્રધાર સામે કાયદેસરની કાર્યવાહી કરવા રજૂઆત

ગાંધીનગર, તા. ૧૫

તલાટી ભરતી કૌભાંડના મુખ્ય સૂત્રધાર રાજ્યના શિક્ષણમંત્રી સામે તથ્યહિન અને વાહિયાત આક્ષેપો કરતાં ચારણ ગઢવી સમાજની લાગણી દૂભાઈ છે. આ મામલે ગાંધીનગર અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટ દ્વારા શિક્ષણમંત્રીની મુલાકાત લઈ તલાટી કૌભાંડના સૂત્રોચ્ચાર સામે કાયદેસરની કાર્યવાહી કરવા રજુઆત કરી હતી.

અખિલ ગુજરાત ચારણ ગઢવી સમાજ ટ્રસ્ટના પ્રમુખ સમરથદાન ઝુલાએ આ અંગે જણાવ્યા મુજબ ફોજદારી ગુનો કરી જેલવાસ ભોગવીને જામીન પર છૂટેલા તલાટી કૌભાંડના મુખ્ય સૂત્રધારે મુખ્યમંત્રી તેમજ શિક્ષણમંત્રી સામે પાયાવગરના આક્ષેપો કર્યા છે જેના લીધે ચારણ ગઢવી સમાજની લાગણી દુભાઈ છે. શિક્ષણમંત્રી પર આવા આક્ષેપો કરી તેમની સામાજીક અને રાજકીય પ્રતિભાને કલંકીત કરવાનો હીન પ્રયાસ થયો છે. આ હરકતને વખોડી કાઢવા માટે ગાંધીનગર, કલોલ, અમદાવાદ, મધ્ય ગુજરાત, સાબરકાંઠા અને વરાણાના ચારણ ગઢવી સમાજના આગેવાનો એકત્ર થયા હતા. આ આગેવાનોએ શિક્ષણમંત્રીની રૂબરૂ મુલાકાત લઈ તલાટી ભરતી કૌભાંડના સુત્રધારના આક્ષેપોને સખત શબ્દોમાં વખોડી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા લેખીત રજૂઆત કરી હતી. આ તબક્કે સમાજના અગ્રણી ભરત કવિ, રવિદાન મોઢ, મનહરદાન ગઢવી, નરહરદાન ગઢવી સહિતના આગેવાનોએ શિક્ષણમંત્રીને સંપૂર્ણ સહકાર અને હમદર્દી વ્યકત કરી યોગ્ય કાર્યવાહી માટે રજૂઆત કરી હતી.

## સમઢીયાલા ગામની ઘટનાને દલિત સેનાએ વખોડી

ગાંધીનગર, તા. ૧૫

સોમનાથ જિલ્લાના સમઢીયાલા ગામમાં દલિત પરિવાર પર માથાભારે તત્વો દ્વારા અત્યાચાર કરવાની ઘટનાને દલિત સેના દ્વારા સખ્ત શબ્દોમાં વખોડી કાઢવામાં આવી છે. દલિત સેનાએ આવા તત્વો સામે શિક્ષાત્મક પગલા લેવા માંગ પણ કરી છે.

ગાંધીનગર જિલ્લા પ્રમુખ બાબુભાઈ મેસરવાલાએ જણાવેલ છે કે ગુજરાતમાં દલિતો પર અવારનવાર અત્યાચાર થતા રહે છે. જેમાં મંદિરમાં પ્રવેશ, દલિત સરપંચને કનડગત, દલિતો પર માનસિક ત્રાસ, ખૂન કેસ જેવા બનાવો બનતા રહે છે. તાજેતરમાં સોમનાથ જિલ્લાના મોટી સમઢીયાલા ગામમાં દલિત પરિવારને ગાડીથી બાંધી મારપીટ માથાભારે તત્વો દ્વારા કરવામાં આવતા દલિત સમાજમાં આક્રોશ ઉદભવ્યો છે. આવા અત્યાચાર કરનાર તત્વો સામે કાયદેસરની કાર્યવાહી કરી જેલ હવાલે કરવા તેમજ ગુજરાતમાં આવા બનાવો ન બને તે માટે કાયદાકીય જોગવાઈ કરવા સરકાર પાસે માંગણી કરવામાં આવી છે.

## ચિલ્ડ્રન યુનિવર્સિટી ખાતે તપોવન પરિવાર સંમેલન યોજાશે

ચિલ્ડ્રન યુનિવર્સિટી સે. ૨૦ દ્વારા સગર્ભા બહેનો માટે તપોવન સંશોધન કેન્દ્ર ચલાવવામાં આવી રહ્યું છે. તપોવન પરિવારનું સંમેલન આગામી તા. ૧૭મી જુલાઈને રવિવારના રોજ બપોરના ૩.૩૦ થી ૬.૩૦ કલાક દરમિયાન ચિલ્ડ્રન યુનિવર્સિટી સે. ૨૦ ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં જોડાવવા માગતા ઈચ્છુકોએ ફોન નં. ૨૩૨૬૦૩૧૪ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે.

# સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવાર માટે વિના મૂલ્યે ગણિત વિષયના વર્ગોનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

આજના સ્પર્ધાત્મક યુગમાં દરેક એકમોમાં સ્પર્ધાનો માહોલ જોવા મળી રહ્યો છે. એને એમાંય જયારે નોકરી રોજગારીની વાત આવે ત્યારે વિદ્યાર્થીઓએ સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપવાની રહેતી હોય છે પરંતુ યોગ્ય માર્ગદર્શનના અભાવના કારણે રોજગારી મેળવવાની સ્પર્ધામાં ટકી શકતા નથી. યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષામાં સારો દેખાવ કરી રોજગારી મેળવી તેમની ઉજળી કારકિર્દી બનાવી શકે તેવા ઉમદા હેતુથી, ગાંધીનગરમાં સેવાભાવી કાર્યો સાથે સંકળાયેલી હ્યુમન ફાઉન્ડેશન સંસ્થા દ્વારા સ્પર્ધાત્મક પરીક્ષા માટે તૈયારી કરતા યુવાનો માટે વિના મૂલ્યે ગણિત વિષયના શિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે.

હ્યુમન ફાઉન્ડેશન સંસ્થાના ટ્રસ્ટી તથા શેઠ સી.એમ. હાઈસ્કુલના નિવૃત્ત અને જાણીતા નિષ્ણાંત ગણિત શિક્ષક હરીભાઈ પટેલ દ્વારા વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષા લક્ષી ગણિત વિષયનું શિક્ષણ કાર્ય અને માર્ગદર્શન આપી ૪૫ દિવસ ભણાવવામાં આવશે જેની કોઈ પણ પ્રકારની ફી લેવામાં આવશે નહી જે સંપૂર્ણ પણે વિના મૂલ્યે રહેશે. જે અર્થે ભણવાના ઈચ્છુક યુવક યુવતીઓએ વહેલા તે પહેલાના ધોરણે તારીખ ૧૭-૭-૨૦૧૬ રવિવારના સવારે ૧૦ થી સાંજના ૬ કલાક દરમિયાન પ્લોટ નં. ૫૨૫/૨, નંદનવન સોસાયટી, સે-૨૨ ખાતે પોતાના નામની નોંધણી કરાવવાની રહેશે.

## ધો-૧૨ સામાન્ય પ્રવાહના વિદ્યાર્થીઓ જોગ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની યાદી જણાવે છે કે માર્ચ ૨૦૧૬માં લેવાયેલ ધો-૧૨ સામાન્ય પ્રવાહની પરીક્ષાના પરિણામ બાદ જે વિદ્યાર્થીઓએ રી-ચેકીંગની ઓનલાઈન અરજી કરેલ હતી તેના પ્રત્યુત્તર જે તે શાળાઓમાં મોકલી આપેલ હોઈ મેળવી લેવા જણાવવામાં આવે છે.

# બાલવા હાઈસ્કૂલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

બાલવા ગામ સ્થિત શ્રી સ્વામિનારાયણ હાઈસ્કૂલ ખાતે ઈકો કલબ અંતર્ગત વૃક્ષારોપણના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સરગવો, બોરસલ્લી, સીતાફળ, જામફળ, કપોત, લીમડી જેવા વૃક્ષો અને વિવિધ જાતના ફૂલછોડ રોપવામાં આવ્યા હતા. ત્યારબાદ વૃક્ષોનું રક્ષણ થાય તે માટે 'સુરક્ષા કવચ' પાંજરા લગાવવામાં આવ્યા હતા. વૃક્ષારોપણ કાર્ય વિદ્યાર્થીઓએ ખૂબ જ ખંત અને ઉત્સાહથી કર્યુ હતું. તેમજ રોપેલ છોડની માવજત કરવાની જવાબદારી પણ સ્વીકારી હતી.

આ કાર્યક્રમ દરમિયાન ઈકો ઈન્ચાર્જ મહેશભાઈ બારોટે પર્યાવરણની સમજૂતી આપી હતી. શાળાના આચાર્ય તુલસીભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. અંતે વિદ્યાર્થીઓએ 'વૃક્ષનું કરીશું આપણે જતન તો આબાદ રહેશે આપણું વતન' જેવા સૂત્રોચ્ચાર કર્યા હતા.

# પ્રાંતિયા-લવારપુર હાઈ-વે પર ટ્રેલરચાલક કાબુ ગુમાવતા આડશરૂપ વાહનથી ચિલોડા-નરોડા હાઈવે ચક્કાજામ

ચિલોડા, તા. ૧૫

ગાંધીનગર-અમદાવાદ શહેરને જોડતો મુખ્ય રાષ્ટ્રીય ધોરીમાર્ગ-૮ દિન પ્રતિદિન અસંખ્ય વાહનોથી ધમધમતો માર્ગ પર છાશવારે સાંકડા-દ્વિમાર્ગીય માર્ગને લીધે અકસ્માતો તથા વાહનોનો ભારે ધસારાને કારણે અનેકવાર જીવલેણ અકસ્માતો તથા વાહનો ચક્કાજામ થવાથી લોકોમાં ભારે જનઆક્રોશ પ્રગટી રહ્યો છે. ત્યારે ચિલોડા-પ્રાંતિયા-ડભોડા, લવારપુર, જેઠીપુરા, પ્રભુપુરા-વલાદ, લીંબડીયા, શાહપુર, પાલજ જેવા ૧૨ ગામના આગેવાનો તથા અન્ય જાગૃત નાગરિકો દ્વારા વારંવાર સરકારના વહીવટીતંત્રને આ બાબતે અવારનવાર રજૂઆતો કે ફરિયાદો કરવા છતાં કોઈ આ માર્ગની ગંભીરતા અંગે વિચારતુ નથી.

જ્યારે આજે સવારે પ્રાંતિયા-લવારપુર માર્ગ પર એક લાંબુ ટ્રેલર ચાલકે સ્ટેરીંગ પર કાબુ ગુમાવતા રોડ વચ્ચે આડશરૂપ બનતાં પસાર થતાં અસંખ્ય વાહનોના પૈડા થંભી જતાં ચિલોડા સર્કલે ગાંધીનગર-હિંમતનગર દહેગામનો સમગ્ર વિસ્તારમાં વાહનોની લાંબી કતારો બે કલાક સુધી સર્જાતા સ્કૂલમાં જતા બાળકોના વાન તથા અન્ય નાગરિકોને ભારે હાલાકી ભોગવવી પડતાં લોકોમાં આ માર્ગ ફોરલેન ક્યારે બનશે અને સમસ્યાનો ઉકેલ ક્યારે આવશે તે અંગે વહીવટીતંત્ર સામે અનેક સવાલો ઉભા થયા હતા. સત્વરે ગંભીરતા ધ્યાનમાં લઈ સરકારે અગ્રીમતા ક્રમે કામગીરી આરંભાય તેવું જનતા ઈચ્છી રહી છે.



પ્રવેશ દ્વાર : પાટનગરના પાદરે પૌરાણિક મંદિર ધોળેશ્વર મહાદેવના પ્રવેશ સ્થાન પર ભવ્ય પ્રવેશદ્વાર નિર્માણ થઈ રહ્યો છે. કલાત્મક કોતરણીવાળા પ્રવેશદ્વારથી પૌરાણિક મંદિરના આકર્ષણમાં વધારો થશે.

ખારેક
ખેડૂતો દ્વારા કચ્છની દેશી પ્રખ્યાત ખારેકનું વેચાણ ચાલુ છે.
કૃષિભવનની અંદર
સેક્ટર-૧૦, ગાંધીનગર
મો. ૯૪૦૮૪ ૪૩૭૧૦